

**Cadaver Organ Donor Rekhaben J Babariya**

# Brain dead woman's organs save 3 lives

Times News Network

**Surat:** A city-based builder donated two kidneys, live and eyes of his wife, who was declared brain dead on October 19.

The organ donation has saved lives of three people and given vision to two more.

According to the details, 42-year-old Rekha Babaria, a resident of Vishwanath Society in Mota Varachha suddenly fell unconscious at her friend's house on October 14. She suffered convulsions and right side of her body got paralysed. She was rushed to the Mahavir Trauma Hospital where doctors diagnosed a clot in her brain. Doctors led by Dr Manoj Satyawni removed the clot on October 16 but she was declared brain dead on October 18.

TOI



Rekha Babaria

To set an example for the society and their community, Babaria's 20-year-old son Akshay and husband decided to donate her organs.

"We know her body is going to turn into ashes but the kidneys and liver could give new life to some people. We also wanted to set an example for the society and spread the message of importance of organ donation," said Jayanti Babaria.

Team of doctors from Institute of Kidney Disease and Research Centre (IKDRC), Ahmedabad took organs. Her kidneys were transplanted in Jaipur resident Indra Kumar Kumavat, 40, and Manu Rathod, a native of Veraval. The liver was transplanted 61-year-old Kokila Patel from Dakor.

Her eyes were accepted by Dr Praful Shiroya of Lok Drashti Chakshu Bank.

# अंगदान से तीन को मिला नया जीवन

## जयपुर निवासी व्यक्ति को मिली ब्रेन डेड महिला की एक किडनी



सूरत. गोड़ादरा निवासी एक महिला को ब्रेन डेड घोषित किए जाने के बाद उसके अंगदान से तीन जनों को नया जीवन मिला है. जयपुर तथा गुजरात के केशोद निवासी दो जनों में किडनी तथा डभोई निवासी एक महिला में लीवर ट्रांसप्लांट किया गया.

गोड़ादरा में विश्वनाथ सोसायटी निवासी जयंती जीवराज वाघेला (51) 14 अक्टूबर को पत्नी रेखा जयंती वाघेला (42) के साथ दोस्त से मिलने गए थे। घर लौटते समय रात 11.20 बजे रेखा बेहोश हो गई. उसे महावीर अस्पताल में डॉ. मनोज सत्यवानी की निगरानी में भर्ती कराया गया. सीटी स्कैन में दिमाग में रक्त की गांठ की पुष्टि हुई. चिकित्सकों ने 16 अक्टूबर को क्रेनियोटॉमी कर दिमाग से रक्त की गांठ दूर की। 19 अक्टूबर को न्यूरो सर्जन डॉ. अशोक पटेल, न्यूरो फिजिशियन डॉ. मनोज सत्यवानी ने रेखा को ब्रेन डेड घोषित कर दिया। सूचना मिलने पर डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला अस्पताल पहुंचे और रेखा के परिजनों को अंगदान के बारे में जानकारी दी। परिजनों से सहमति मिलने के बाद मांडलेवाला ने आईकेडीआरसी के ट्रांसप्लांट कोऑर्डिनेटर प्रिया शाह और डॉ. प्रांजल मोदी से सम्पर्क किया। डॉ. विकास पटेल की टीम सूरत आई और दो किडनी तथा लीवर का दान स्वीकार किया, जबकि चक्षुओं का दान लोकदृष्टि चक्षुबैंक के डॉ. प्रफुल्ल शिरोया ने स्वीकार किया। एक किडनी राजस्थान के जयपुर निवासी इन्द्रकुमार रामपाल कुमावत (40), दूसरी किडनी गुजरात के केशोद निवासी मनु हमीर राठौड़ (34) और लीवर डभोई निवासी कोकिला चिमनलाल पटेल (61) में ट्रांसप्लांट किया गया।

# ब्रेनडेड रेखाबेन ने किया अंगदान



सूरत। 14 अक्टूबर को जयंतिभाई अपनी पत्नी रेखाबेन के साथ अपने दोस्त को मिलने गये थे। वहां रात में 11.20 बजे वे बातें कर रहे थे तभी रेखाबेन का मुंह अचानक एक तरफ खिंचा जाने लगा और दायें तरफ हाथ पैर में कमजोरी लगने लगी और वे बेहोश हो गयी। जिससे उन्हें तुरंत महावीर ट्रोमा अस्पताल में डॉ. मनोज सत्यवानी की देखरेख में भर्ती किया गया।

वहां सीटी स्कैन हुआ। ब्रेन हेमरेज का पता चला। उन्हें चिकित्सकों ने ब्रेनडेड घोषित कर दिया। डोनेट लाइफ को इसकी जानकारी दी गयी। डोनेट लाइफ की टीम ने अस्पताल पहुंचकर उनके परिजनों को अंगदान की जानकारी देकर इसका महत्व समझाया। परिजनों ने अंगदान की सहमति प्रदान की। रेखाबेन के दान दिये गये किडनी व लीवर का दान स्वीकार किया गया। जबकि चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक ने डॉ. प्रफुल्ल शिरोया ने स्वीकार किया। दान में मिले एक किडनी जयपुर, राजस्थान के निवासी इन्द्रकुमार रामपाल कुमावत उ.व. 40 और दूसरी किडनी केशोद गुजरात के निवासी मनुभाई हमीरभाई राठौड़ उ.व. 34 में ट्रान्सप्लान्ट किया गया। जबकि लीवर डभोई के निवासी कोकिलाबेन चीमनलाल पटेल उ.व. 61 में ट्रान्सप्लान्ट किया गया है।

### ડૉનેટ લાઈફે સંકલન કરતા પરિજનોએ દેહદાન માટે તૈયાર

# વરાછામાં બ્રેનડેડ મહિલાના અંગદાનથી ત્રણને નવી જિંદગી



મોટાવરાછાના પાટીદાર પરિવારના રેખાબેન જંયતિભાઈ બાબરિયાનું બ્રેનડેડ થતા તેના પરિવારજનો ડોનેટલાઈફ સંસ્થાના સહયોગથી અંગદાન કર્યું હતું. તસ્વીર-ભાસ્કર

## અંગો વડે બીજાને નવી જિંદગી મળી શકે તો જીવન સાર્થક

સીટીરિપોર્ટર | સુરત

મોટાવરાછાના પાટીદાર બિલ્ડરે પોતાની પત્નિના બ્રેનડેડ બાદ માનવતા દાખવી હતી. બ્રેનડેડનું મૃત્યું નક્કિ હોય ડોનેટ લાઈફ સાથે સંકલન કરી દેહદાન કરતા ત્રણ વ્યક્તિને નવી જિંદગી મળી હતી.

મોટાવરાછા વિશ્વનાથ સોસાયટીમાં રેખાબેન પતિ જયંતિભાઈ જીવરાજભાઈ બાબરીયા તથા પુત્ર અક્ષય અને શિવાની સાથે રહેતા હતા. ગત 14 ઓક્ટોબરના રોજ જયંતિભાઈ તેમના પત્નિ રેખાબેન સાથે મિત્રને ત્યા હતા. દરમિયાન રાત્રીના સમયે તેમને આંચકી આવતા બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને મહાવીર ટ્રોમા સેન્ટર ખાતે ખસેડાયા હતા, જ્યા તેઓના મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાથી સારવારમાં તેને દૂર કરાયો હતો. જોકે ન્યુરોસર્જને રેખાબેનને બ્રેનડેડ જાહેર કરતા પરિવારમાં ચિંતા જણાઈ હતી. આ કેસ અંગે ડોનેટ લાઈફ સંસ્થાને જાણ થતા સંસ્થાના પ્રતિનિધીઓએ પરિવારજનોને દેહદાન વિશે સમજાવ્યા હતા. પતિએ સમયે દુઃખી થવાને બદલે બ્રેનડેડ વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત છે તેમના અંગોને બળીને રાખ કરવાને બદલે તેમના અંગો વડે બીજાને નવી જિંદગી મળી શકે તો પત્નિની જિંદગી સાર્થક બની શકે તેમ જણાવી દેહદાનનો પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો. ડોનેટલાઈફ સંસ્થાને દેહદાન મળતા સંસ્થાના નીલેશ માંડલેવાલાએ અમદાવાદના પ્રિયા શાહ સાથે મળી ડૉ. વિકાસ પટેલને કિડની અને લીવર માટે અને ચક્ષું બેંકના ડૉ. પ્રફુલ શિરોયાને નેત્ર સ્વીકારવા જણાવ્યું હતું. આ દેહદાન દ્વારા એક કિડની રાજસ્થાનના 40 વર્ષીય દર્દિમાં, અન્ય કિડની વેરાવળના 34 વર્ષીય દર્દિમાં ટ્રાન્સપ્લાનટ કરાઈ હતી. જ્યારે લીવર ડોકોરના 61 વર્ષીય દર્દિને આપવામાં આવ્યું હતુ. આમ બ્રેનડેડ વ્યક્તિના અંગદાનથી 3 વ્યક્તિને નવી જિંદગી મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડોનેટ લાઈફ દ્વારા સુરત તથા દક્ષિણ ગુજરાતમાંથી 171 કિડની, 61 લીવર, 3 પ્રેન્ક્રીઆસ, 7 હૃદય અને 149 ચક્ષુઓથી 390 વ્યક્તિને નવું જીવન બક્ષવામાં સફળતા મેળવી છે.

# લેઉઆ પટેલ સમાજની બ્રેઈનડેડ મહિલાનું અંગદાન કરાયું

સુરત તા. ૨૦

મોટા વરાછા સ્થિત વિશ્વનાથ સોસાયટી ખાતે રહેતા મૂળ જુનાગઢ જિલ્લાના ડમરાળા ગામના બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ લેઉવા પટેલ જયંતિભાઈ જીવરાજભાઈ બાબરીયાએ તેમના બ્રેનડેડ પત્ની રેખાબેન (ઉ. વ. ૪૨)ના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેંક પ્રસરાવી છે.

ગત ૧૭મીએ રાત્રે જયંતિભાઈ પત્ની રેખાબેન સાથે મિત્રને મળવા ગયા હતા. જ્યાં રેખાબેન બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે સીટી સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ૧૬ ઓક્ટોબરે ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ક્રેન્યોટોમી કરી લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. ૧૯ ઓક્ટોબરે રેખાબેનને બ્રેનડેડ જાહેર કરાયા હતા.



ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી રેખાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી રેખાબેનના પતિ જયંતિભાઈ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઈ અને અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી એક રેખાબેનની એક કિડની જયપુર, રાજસ્થાનના રહેવાસી ઈન્દ્રકુમાર રામપાલ કુમાવત (ઉ. વ. ૪૦) અને બીજી કિડની વેરાવળ, ગુજરાતના રહેવાસી મનુભાઈ હમીરભાઈ રાઠોડ (ઉ. વ. ૩૪)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ડાકોરના રહેવાસી કોકીલાબેન ચીમનલાલ પટેલ (ઉ. વ. ૬૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રેખાબેનના પતિ જયંતિભાઈ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઈ અને અન્ય પરિવારજનો, ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ન્યુરોફીઝીશ્યન ડૉ. મનોજ સત્યવાણી, ઈન્ટેન્સીવીસ્ટ ડૉ. હાર્દિક પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નીરવ માંડલેવાલા અને સુભાષ જીંજાળાનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૭૧ કિડની, ૬૧ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૪૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૯૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**ત્રણને નવી જીંદગી અને બેને નવી રોશની મળી : ડોનેટ લાઈફ સંસ્થાના પ્રયત્નોનું પરિણામ**

# મોટા વરાછાનાં બ્રેઈનડેડ રેખા બાબરિયાનાં અંગદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું

સુરત, તા. ૨૦

મોટા વરાછાની ૪૨ વર્ષીય બ્રેઈનડેડ મહિલાના અંગ દાનથી પાંચ વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે.



આ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોટા વરાછાની વિશ્વનાથ સોસાયટીના ઘર નંબર ૩માં રહેતાં જયંતિ બાબરીયા મૂળ જૂનાગઢના ... વતની છે અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. તા. ૧૭મીના રોજ તેમના પત્ની રેખાબેન ઉ.વ. ૪૨ની તબિયત અચાનક બગડી હતી. તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતાં. જ્યાં તબીબોએ રેખાબેનને બ્રેઈનડેડ જાહેર કર્યાં હતા.

તબીબોએ આ બાબતે ડોનેટલાઈફના નિલેશ માંડલેવાળાનો સંપર્ક કર્યો હતો. નિલેશ ભાઈએ રેખાબેનના પરિવારજનોને અંગદાન કરવા માટે સમજાવ્યા હતાં. પરિવારના સભ્યોની સંમતિથી રેખાબેનના ચક્ષુઓ, બે કીડની તથા લિવરનું દાન લેવામાં આવ્યું હતું.

**એકાએક તબિયત લથડતાં સારવાર હેઠળ ખસેડાયાં હતાં: ચક્ષુ, કિડની અને લિવરનું દાન કરાયું**

# મોટાવરાછાની બ્રેઈનડેડ મહિલાના અંગોનું દાન કરી ત્રણને નવજીવન



# બ્રેનડેડ રેખાબેન બાબરિયાએ ત્રણ જણને આપ્યું નવજીવન



અમારા પ્રતિનિધિ તરફથી

સુરત, તા. ૨૦ : શહેરમાં બાંધકામનાં વ્યવસાય સાથે સંકળાયેલાં જ્યંતિભાઈ બાબરિયાએ બ્રેનડેડ પત્ની રેખાબેન બાબરિયાનાં અંગોનું દાન કરીને સમાજમાં દાખલો બેસાડ્યો છે. બ્રેનડેડ રેખાબેનનાં અંગોથી ત્રણને નવજીવન મળ્યું છે.

ગત ૧૪મીએ જ્યંતિભાઈ તેનાં પત્ની રેખાબેન સાથે મિત્રનાં ઘરે ગયા હતાં ત્યાં રાત્રિના ૧૧ કલાકે રેખાબેનને વાતો કરતાં કરતાં અચાનક તેમનું મોં એક બાજુ ખેંચાવા લાગ્યું હતું અને સાથે જ રેખાબેન બેભાન થઈને પડી ગયા હતાં. તાત્કાલિક રેખાબેનને શહેરની મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. ઉપસ્થિત ડૉ. મનોજ સત્યવાણીએ રેખાબેનનું સીટી સ્કેન કરીને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયાનું નિદાન કર્યું હતું.

૧૬મીએ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ક્રેનીઓટોમી કરીને રેખાબેનના મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. ગત ૧૮મીએ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ન્યુરોફિઝિશિયન ડૉ. મનોજ સત્યવાણીએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા હતાં. બ્રેનડેડ રેખાબેનની વિગત ડોનેટ લાઈફ સંસ્થાનાં પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાને આપતા આફ. ડોનેટ લાઈફ અને તેની ટીમે રેખાબેનનાં પરિવારનાં સભ્યો સાથે બેઠક કરીને અંગદાનનો મહિમા અને તેના વિશે માહિતી આપી હતી. બ્રેનડેડ રેખાબેનનાં પતિ જ્યંતિભાઈ, પુત્ર અક્ષય અને પુત્રી શિવાની સહિતનાં પરિવારજનોએ રેખાબેનનાં અંગોનું દાન કરવા માટે મંજૂરી આપી હતી. અંગદાનમાં મળેલી એક કિડની રાજસ્થાનનાં જયપુર નિવાસી ઈન્દ્રકુમાર રામપાલ કુમાવત(ઉ.૪૭) અને બીજી કિડની વેરાવળનાં રહેવાસી મનુભાઈ હમીરભાઈ રાઠોડ(ઉ.૩૪)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર ડાકોરના રહેવાસી કોકિલાબેન ચીમનલાલ પટેલ(ઉ.૬૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

અત્યાર સુધી ડોનેટ લાઈફ સંસ્થાએ સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવીને ૧૩૧ કિડની, ૬૧ લિવર, ૩ પેન્ક્રીયાસ, ૭ હૃદય અને ૧૪૮ ચક્ષુઓનું દાન મેળવીને ૩૪૦ વ્યક્તિઓનાં જીવનમાં પ્રકાશ ફેલાવવામાં સફળતા મેળવી છે.

**જીવતદાન** લોહી ગંઠાઈ જતા બ્રેઈનડેડ જાહેર કરાયા

# રેખાબેનના અંગદાને ત્રણને નવજીવન આપ્યું

- એક કિડની જયપુરના તો બીજી વેરાવળની રહીશને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ

**સુરત, તા. ૨૦**

[illegible]

# સુરતમાં બ્રેનડેડ રેખાબેન બાબરિયાનાં અંગદાનથી ત્રણને નવજીવન



[illegible]

### બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ લેઉવા પટેલ સમાજના

# જયંતિભાઈ બાબરીયાએ તેમના બ્રેનડેડ પત્નીના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી





■ સુરત, તા. ૨૦

નામ રેખાબેન જયંતિભાઈ બાબરીયા ઉ.વ. ૪૨, બ્લડ ગ્રુપ બી પોઝીટીવ, રહે. ૭૫, વિશ્વનાથ સોસાયટી, મોટા વરાછા, સુરત.

મૂળ રહે. ગામ ડમરાળા, જિ. જૂનાગઢ.

તા. ૧૪મીનાં રોજ જયંતિભાઈ તેમના પત્ની રેખાબેન સાથે તેમના મિત્રને મળવા ગયા હતા. રાત્રે ૧૧.૨૦ કલાકે, તેઓ વાતો કરી રહ્યા હતા ત્યારે રેખાબેનનું મોઢું અચાનક એકબાજુ ખેંચાવા લાગ્યું અને જમણી બાજુ હાથ પગમાં નબળાઈ લાગવા માંડી. અને તેઓ બેભાન થઈ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમાં હોસ્પિટમાં ડો. મનોજ સત્યવાણીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે સીટી સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

રવિવાર તા. ૧૬ના રોજ ન્યુ સર્જન ડો. અશોક પટેલે ક્ન્ટોટોમી કરી રેખાબેનના મગજમાં જામેલો લોહીનાં ગઠ્ઠો દૂર કર્યો હતો.

ગુરુવાર તા. ૧૯મીનાં રોજ ન્યુરોસર્જન ડો. અશોક પટેલે અને ન્યુરોફીઝીશ્યન ડો. મનોજ સત્યવાણીએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની ટ્રાન્સપ્લાન્ટ કો.ઓડિ. પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

### બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ લેઉવા પટેલ સમાજના જયંતિભાઇ બાબરીયાએ

# તેમના બ્રેનડેડ પતી રેખાબેનના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

સુરત, તા.૨૦

શુક્રવાર તા. ૧૪ ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ જયંતિભાઇ તેમના પત્ની રેખાબેન સાથે તેમના મિત્રને મળવા ગયા હતા. ત્યાં રાત્રે ૧૧:૨૦ કલાકે, તેઓ વાતો કરી રહ્યા હતા ત્યારે રેખાબેનનું મોઢું અચાનક એક બાજુ ખેંચાવા લાગ્યું અને જમણી બાજુ હાથપગમાં નબળાઇ લાગવા માંડી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હૉસ્પીટલમાં ડૉ. મનોજ સત્યવાણીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે ?? સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. રવિવાર તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ક્રેનિયોટોમી કરી રેખાબેનના મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. બુધવાર તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણીએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા. ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડોનેટ લાઇફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાળાનો ટેલીફોનીક સંપર્ક કરી રેખાબેન ના બ્રેનડેડ અંગેની માહિતી આપી. ડોનેટ લાઇફની ટીમે હોસ્પીટલ પહોંચી રેખાબેનના પતિ જયંતિભાઇ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઇ અને અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું. રેખાબેનના પતિ જયંતિભાઇ અને પુત્ર અક્ષય એ જણાવ્યુ કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો. પરિવારજનોની તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાળાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન સ્વીકારવા માટે જણાવ્યું. અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલી એક કિડની જયપુર, રાજસ્થાનના રહેવાસી ઇન્દ્રકુમાર રામપાલ કુમાવત ઉ. વ. ૪૦માં અને બીજી કિડની વેરાવળ, ગુજરાતના રહેવાસી મનુભાઇ હમીરભાઇ રાઠોડ ઉ.વ. ૩૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર પ્રાંતિજના રહેવાસી હેમલતાબેન ચીમનભાઇ પટેલ ઉ.વ. ૬૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રેખાબેનના પતિ શ્રી જયંતિભાઇ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઇ અને અન્ય પરિવારજનો, ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણી, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. હાર્દિક પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઇફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાળા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઇ, નીરવ માંડલેવાળા અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી આજ સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનોની સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાળા અને ડોનેટ લાઇફ દ્વારા ૧૩૧ કિડની, ૬૧ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૪૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૫૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલ લેઉવા પટેલ સમાજના જયંતિભાઇ બાબરીયાએ

# બ્રેનડેડ રેખાબેનના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી



સુરત : ૨૦૧૬ ના રોજ જયંતિભાઇ તેમના પત્ની રેખાબેન સાથે તેમનાં મિત્રને મળવા ગયા હતા. ત્યાં રાત્રે ૧૧:૨૦ કલાકે, તેઓ વાતો કરી રહયા હતા ત્યારે રેખાબેનનું મોઢું અચાનક એક બાજુ ખેંચાવા લાગ્યું અને જમણી બાજુ હાથપગમાં નબળાઇ લાગવા માંડી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ડૉ. મનોજ સત્યવાણીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે ?? સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

રવિવાર તા: ૧૬ ઓકટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે કેન્યોટોમી કરી રેખાબેનના મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

બુધવાર તા: ૧૯ ઓકટોબર, ૨૦૧૬ ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણીએ રેખાબેનને બ્રેનડેડ જાહેર કર્યા. ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડોનેટ લાઇફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રેખાબેન ના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઇફની ટીમે હોસ્પીટલ પહોંચી રેખાબેનના પતિ જયંતિભાઇ, પુત્ર અક્ષય, ભાણેજ મહેશ, પરિવારના પ્રવીણભાઇ અને અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

રેખાબેનના પતિ જયંતિભાઇ અને પુત્ર અક્ષય એ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો.

# મોટાવરાછાની મહિલાના અંગદાનથી ત્રણ જીવનમાં પ્રકાશ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

મોટાવરાછાના બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા આધેડની પત્નીનું બે કીડની, લિવર અને આંખનું દાન ડોનેટ લાઈફને મળ્યું છે.

## મહિલાના પતિ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે

પ્રાપ્ત વિગત મુજબ મૂળ જૂનાગઢના ડમરાળાના વતની અને હાલ મોટાવરાછામાં વિશ્વનાથ સોસાયટીમાં રહેતા રેખાબેન જયંતિભાઇ બાબરીયા (ઉ.વ. ૪૨) બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે.



તેમના પતિ સાથે ગઇ તા. ૧૪મીએ રાત્રે પરિચિતને ત્યાં ગયા હતાં. બાદમાં રેખાબેનનું મોંઢુ એક બાજુ ખેંચાવવા લાગ્યું અને જમણી બાજુ હાથપગમાં નબળાઇ લાગવા માંડી અને તેઓ બેભાન થઇ ગયા હતાં. અઠવાગેટની પ્રાઇવેટ હોસ્પિટલમાં ગઇકાલે તેમને ડોકટરે બ્રેઇનડેડ જાહેર કર્યા હતાં. પરિવારે તેમની બે કિડની, લીવર અને ચક્ષુનું દાન કર્યું હતું.

દાનમાં આવેલી એક કિડની રાજસ્થાનના જયપુરમાં રહેતા ઇન્દ્રકુમાર રામપાલ કુમાવત (ઉ.વ. ૪૦) અને બીજી કિડની વેરાવળના મનુભાઇ હમીરભાઇ રાઠોડ (ઉ.વ. ૩૪) તથા લીવર ડાકોરમાં રહેતા કોકિલાબેન ચીમનલાલ પટેલ (ઉ.વ. ૩૪)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.